**647510** **0701259E4081** **Seat No: ___________**

**B.R.S. Semester - 2 (CBCS) Examination**
**March/April- 2019 (Old Course)**
**GUJARATI**
**(ELECTIVE-8)**

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**
1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ ગદ્યખંડનું વિવરણ કરતી વખતે ધ્યાનમાં રાખવા જેવી મહત્વની બાબતો જણાવો. (૧૫)

અથવા

પ્રશ્ન-૧ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો.

"કલા એ પ્રત્યાયનની પ્રક્રિયા છે, એ વાત સાચી છે. પરંતુ કવિ ભાવકને શું પહોંચાડે છે? અનુભવનો સાર? અનુભવનું રહસ્ય? અનુભવનો બોધ? નર્યો અનુભવ જ નહિ; એ પહોંચાડે છે: આકૃતિ સમેત અનુભૂતિ. અનુભૂતિએ લીધેલો આકાર ભરતીની પેઠે આરોહ-અવરોહ યુક્ત કોઇ વિશિષ્ટ આકારમાં જ આવે છે. આ અનુભૂતિ થઇ એમાં કવિચિત્રની લાક્ષણિકતા હશે, પણ સર્જકતા નથી હોતી. એ તો હોય છે, એ, એ જ્યારે અનુભૂતિને કોઇ માધ્યમમાં, કોઇ આકાર વિશેષમાં પ્રકટ કરે છે, તે વિશિષ્ટ પ્રક્રિયામાં, એટલે સર્જકતાનો પ્રશ્ન એ માધ્યમ દ્વારા અભિવ્યક્તિનો પ્રશ્ન બની રહે છે". **–ઉશનસ્**

પ્રશ્ન-૨ સંક્ષેપીકરણનું મહત્વ દર્શાવી ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરતી વખતે મહત્વની કઇ કઇ બાબતો ધ્યાનમાં રાખવી જોઇએ તેની ચર્ચા કરો. (૧૫)

અથવા

પ્રશ્ન-૨ નીચેના ગદ્યખંડનું ત્રીજાભાગ જેટલું સંક્ષેપીકરણકરી, યોગ્ય શીર્ષક આપો.

"કેળવણીના પ્રાચીન આદર્શમાં વધતા જતા વિકાસમાં એવી રીતે ફેરફાર કરવામાં આવ્યો કે નિયત્યનો ગુરૂ-શિષ્યનો સંસર્ગનાશ પામ્યો. વિષયોનું નિરૂપણ એવી રીતે કરવામાં આવ્યું કે ઘણા વિષયોનું થોડું જ્ઞાન એક વિષયના તલસ્પર્શી જ્ઞાન કરતાં વધારે મહત્વ પામ્યું. કેળવણી એ રોટલા માટે છે એમ માનવામાં આવ્યું. મનુષ્ય પોતાનો નિત્ય જીવનવ્યવહાર જે દ્વારા પ્રાપ્ત કરે તે કેળવણીનું એક અંગ. કેળવણી સામાન્ય માણસને અસામાન્ય ગુણો ધરાવનાર બનાવી શકે એમાં એનો વિજય. આજની પ્રણાલિકા પ્રમાણે તો જીવન પૂરતો કેળવણીનો ઉપયોગ રહ્યો નથી. કેળવણી જીવન ઘડવાને બદલે, માણસને રોટલો કેમ પેદા કરવો એ કાર્યની રૂપરેખા આપવા પ્રયત્ન કરે છે. એ કામ એને આવડતું નથી, એટલે રોટલો પેદા કરવો એ શિખવાડવાને બદલે નોકરી કેમ કરવી એ જ શીખવે છે. હાલની કેળવણી વ્યવહાર જ્ઞાન કે સંસ્કારજ્ઞાન કશું જ આપી શકતો નથી." **-શ્રી ધૂમકેતુ**

પ્રશ્ન-૩ નીચેનામાંથી કોઇપણ ત્રણ વિશે ટૂંકનોંધ લખો. (૧૫)

(૧) દ્વન્દ્વ સમાસ

(૨) ઉપપદ સમાસ

(૩) તત્પુરૂષ સમાસ

(૪) કર્મધારય સમાસ

(૫) બહુવ્રીહી સમાસ

પ્રશ્ન-૪ ગુજરાતી ભાષામાં વપરાતા મહત્વના વિરામ ચિન્હોના નામ જણાવી, પ્રશ્નાર્થચિન્હ, અલ્પવિરામ અને અર્ધવિરામ ચિન્હ વિશે ઉદાહરણ આપી સમજાવો. (૧૫)

અથવા

પ્રશ્ન-૪ ગુરૂવિરામ ચિન્હ, પૂર્ણવિરામ અને ઉદ્દગાર ચિન્હ વિશે વિગતે જણાવો.

પ્રશ્ન-૫ નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો. (૧૦)

(૧) સોડ તાણીને સૂઇ જવું.

(૨) હૈયું પીગળી જવું.

(૩) હળવા ફૂલ થઇ જવું.

(૪) જિંદગી મોળી થઇ જવી.

(૫) પગ વાળીને બેસવું.

અથવા

પ્રશ્ન-૫ નીચેની કહેવતોનો અર્થ સમજાવો.

(૧) કાંકરે કાંકરે પાળ બંધાય .

(૨) પાકે ઘડે કાંઠા ન ચડે.

(૩) બાવાનાં બેય બગડવાં.

(૪) હોઠ સાજા તો ઉત્તર ઝાઝા.

(૫) અધૂરો ઘડો છલકાય ઘણો.

**********************************